સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

યૂંટણી-એટીએમ-નિરાધારોનું આધાર-કાર્ડ!
માગે બધી સંસ્થા પોતાનાં જ માન્ય કરેલાં કાર્ડ!
કાર્ડ કચરામાં જ દબાઈ જશે ગ્રામ્ય ગરીબ -
લ્યો ! ખોરડું પણ ખાઈ જશે નવું પોપર્ટી - કાર્ડ !

ને ડૂબી જશે!
દસ્તાવેજી દરિયામાં -
દીન દુખીયાં!

મૂંઝવે શ્વાસ !
આ 'કાર્ડો' નો કોરોના -
પૂરાવા પ્રાણ...

(આવે રોજ અવનવાં કાર્ડના સપનાં શેખચલ્લીને)

હાઈકુ

ચિંતન

સુ સુખવંત જીવામિ યસ્ય મે નાસ્તિ કિંચન ।
મિથિલાયાં પ્રદીપ્તાયાં ન મે દહ્યતિ કિંચન ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

આ જગતમાં મારું કાંઈ જ નથી. માટે હું પરમ સુખથી જીવું છું. મિથિલ સળગી જાય તો પણ મારું એમાં કાંઈ સળગતું નથી. શાંતિપર્વ અહીં એમની અનાસક્તિનું દર્શન છે. સાક્ષીભાવની જ ભાવના છે.

આ ઉપરાંત એમ પણ કહી શકાય કે મારા દેહરૂપી જે આ મિથિલાનગરી - નવદ્વારવાળું નગર જ્યારે મૃત થતાં સળગી જવું હશે ત્યારે એમાં મારું કાંઈ જ સળગતું નથી, કારણ કે જો દેહભાવ જ નથી, તો મારું કાંઈ રહેતું જ નથી. બાકી ખરેખર જ જો રાજધાનીમાં આગ લાગે તો જનકરાજ રાજવી તરીકેની ફરજ ખાતર પણ તે આગ ઠારવાનો તત્કાલ પ્રબંધ કરે. એ કાંઈ રોમના રાજા નીરોની જેમ ભડકે ભળતી મિથિલા જોઈને બેસી ન રહે કે રાજી પણ ના થાય. એટલે અહીં પોતાના દેહરૂપી મિથિલા નગરી પણ અભિપ્રેય છે.

વ્યવહારિક રીતે જોઈએ તો દ્વૈતભાવ સર્વક્ષ છે જ.

સુવિચાર

- ક્રોધ મેં મનુષ્ય અપને મન કી બાત નહીં કરતા વહ કેવલ દૂસરોં કા દિલ દુઃખાના ચાહતા હૈ...! - **મુનશી પ્રેમચંદ**
- દયા કરવી એટલે ઊંચે જવું પરંતુ દયાપાત્ર બનવું એટલે પોતાના તેજને ઓછું કરવું - **સંત તુલસીદાસ**
- જે જ્ઞાન આચરણમાં ઊતર્યું નથી તે ભારરૂપ છે - **ભર્તૃહરિ**
- પાપ કરતી વખતે જેટી મીઠાશ મળી હોય છે એટલી જ કડવાશ એના પરિણામરુપે ગમે ત્યારે ભોગવવી જ પડે છે - **વિષ્ણુ પુરાણ**
- વિવેકબુદ્ધિ અને સ્પષ્ટ વાણી એ બંને બાબતોમાં માણસ પશું કરતાં ચઢિયાતો છે - **સંત ઓગસ્ટિન**
- ચારિત્ર્ય જીવનમાં શાસન કરનારું તત્ત્વ છે અને તે પ્રતિભાથી પણ ઉચ્ચ છે - **ફ્રેડરિક સેન્ડર્સ**
- આજનું ઔષધ : ચપટી સિંધવ મીઠું સાથે પાંચ ગ્રામ ઘી મેળવી ને ખાવાથી અજીર્ણ આફરો મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ફકીર પાસે જાદુઈ ચિરાગ હતો. એ ચિરાગ માગે તે વસ્તુ હાજર કરી શકતો હતો. ફકીરની અંતિમ ક્ષણો આવી અચાનક વાચા ચાલી ગઈ. તે ચિરાગ તેમના શિષ્યને આપ્યો પણ તેનું મહત્ત્વ શિષ્યને સમજાવી શક્યાં નહીં. શિષ્યએ ચિરાગની મહિમા સમજી શક્યો નહીં. તેથી તે આ ચિરાગને રાત્રે દીવા તરીકે ઉપયોગ કરવા લાગ્યો. તે શિષ્ય ભોગવિલાસમાં પડી ગયો. તેની પ્રેમિકા ને તેણે આ ચિરાક આપી દીધો. પ્રેમિકા બુદ્ધિશાળી હતી. તેણે ચિરાગને બાજુના નગરમાં વેચી ગીધો. સોનીએ ચિરાગના બદલામાં થોડું ઝવેરાત આપી તે સ્ત્રીને રાજી કરી લીધી. હવે ઝવેરીના હાથમાં ચિરાગ આવ્યો તેણે ચિરાગની મહત્તાનો અંદાજ આવી ગયો. ધીમે ધીમે તેણે આ ચિરાગ પાસે સારું એવું સોનું-ચાંદી એકઠું કરી અતિધનવાન બની ગયો. ધનવાન બનવાની સાથે સાથે તે નગરમાં શાળાનું સમારકામ કરાવ્યું ચબૂરતો બનાવ્યો, પાણીની પરબ બનાવડાવી. ઢોરને પાણી પીવાની વ્યવસ્થા કરી. એનું જીવન ધન્ય બની રહ્યું.

આપણું જીવન પણ એ ચિરાગ જેવું અતિ મૂલ્યવાન છે, પરંતુ આપણે તેનું મૂલ્ય સમજતા નથી. જીવનનું મૂલ્ય જાણવા સાચા ઝવેરી બનીએ, નહિં તો આ અતિ મૂલ્યવાન ચિરાગરુપી જીવન કોડીની કિંમતે વેડફાઈ જશે.

ભારત ભૂખમરામાં પણ મોખરે

તંત્રીસ્થાનેથી...

દુનિયાની સૌથી મોટી લોકશાહી તરીકે પ્રસ્થાપિત થયેલ આપણો દેશ હજી માનવીની પાયાની જરૂરિયાત પૂરી નથી કરી શકતો એ કેવી વિડંબના છે! એક તરફ આપણા વડાપ્રધાન એને મહાસત્તાઓની હરોળમાં સ્થાન અપાવવા પરસેવો પાડી રહ્યા છે - દરેક મુદ્દે આત્મનિર્ભર બનવા હાકલ કરી રહ્યા છે અને સરહદો પર બેશુમાર સૈન્ય સામગ્રી ખડકી દઈ સાર્વભૌમ રાષ્ટ્રની લશ્કરી તાકાતનો પરચો પૂરી પાડી રહ્યા છે, ત્યારે બીજી તરફ તટસ્થ વૈજ્ઞાનિક સર્વેક્ષણમાં ભારતનું બાળપણ ભૂખમરાનો ભોગ બની રહ્યું હોવાનું તારણ નીકળે છે! વડાપ્રધાન માટે દુનિયાનું મોંઘામાં મોંઘું વિમાન ખરીદી શકનાર દેશ એના નાગરિકોની ભૂખ ભાંગવામાં ઊણો ઊતર્યો છે તે એ હદે કે આસપાસના પાડોશી દેશોની સરખામણીમાં અહીં ભૂખમરાનું પ્રમાણ ઊંચું છે. દેશની ચૌદ ટકા વસતિ ભૂખમરાથી પીડાઈ રહી છે. સંસ્કૃત સુભાષિત કહે છે :

બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપમ્ ?
ક્ષીણા જનાઃ નિષ્કરુણા ભવન્તિ ॥

(ભૂખ્યો માણસ કોઈ પાપપુણ્યની પળોજણમાં પડ્યા વગર એની ભૂખ ભાંગવાના જ રસ્તા શોધતો હોય છે. ભૂખથી દૂબળા બની ગયેલા લોકો નિર્દય બની જતા હોય છે.) ભારત કયારેક સોનાની ચીડિયા ગણાતી ધનધાન્યથી સમૃદ્ધ ભૂમિ હતી. આખી દુનિયાનો ડોળો એની સામે મંડાયેલો રહેતો. અનેક પ્રજાઓ એક યા બીજા નિમિત્તે ભારતમાં આવી, એને લૂંટાય એટલું લૂંટીને પાછી વળી ગઈ અથવા અહીં જ વસી ગઈ. સૌથી પહેલું જ્ઞાનનું અજવાળું આ ભૂમિમાં પ્રગટ્યું હતું એની બાકીની અંધારી દુનિયામાં નિકાસ થઈ. પરંતુ ભારત એની શિખર સ્થિતિ પરથી ગબડતું જ ગયું તે ત્યાં સુધી કે એ શિયાળવાં અને ગીધડાંએ ચૂંથી અને ચૂસી નાખેલું જીવતું હાડપિંજર બની રહ્યું છે. કુપોષણ એ આઝાદ ભારતના લલાટે લખાયેલી સૌથી શરમજનક બાબત ગણાવી જોઈએ. વસતિ કૂદકે ને ભૂસકે વધતી જ જાય છે - સરકારના લાખ પ્રયત્નો છતાં એ નિયંત્રણમાં નથી રાખી શકાતી. ચીન એની વસતિ પર નિયંત્રણ મૂકવામાં સફળ થયું અને આગામી વર્ષોમાં ભારત વસતિની દૃષ્ટિએ દુનિયાનો સૌથી મોટો દેશ બની રહેવાનો છે. આ બધું અત્યાર સુધીની બધી સરકારો જાણએ છે. નાગરિકો પણ શિક્ષણનું પ્રમાણ વધતાં જાગ્રત થયા છે પરંતુ વસતિનો એક બહુ મોટો હિસ્સો આ મુદ્દે હજુ પણ બેદરકાર છે. એ જ નીચલા મધ્યમવર્ગ અને નીચલા વર્ગમાં કુપોષણની સમસ્યા પણ અકબંધ રહી છે. એક તરફ દુનિયાના સૌથી સમૃદ્ધ માલેતુજારોની પગંતમાં ભારતના જ અંબાણી, અદાણી, તાતા અને બિરલા કે રૂઈયાની પંગત પડે છે. તો બીજી તરફ એ જ દેશનું બાળપણ વૈજ્ઞાનિક માપદંડોમાં ઊંણું ઊતરે છે. આવડા મોટા દેશના ખેલાડીઓ વિશ્વકક્ષાના રમતોત્સવમાં માંડ એકાદ બે સુવર્ણ ચંદ્રકો મેળવી શકે છે. અનાજની બાબતમાં આત્મ નિર્ભર બન્યો હોવા છતાં આ દેશ એના 'સર્વહારા' સમુદાયને બે ટંકનો રોટલો ઉપલબ્ધ કરાવવામાં નિષ્ફળ નીવડ્યો છે. આ કુપોષણની સીધી અસર સગર્ભા માતાઓ અને નવજાત શિશુઓ પર પડે છે. બાળમરણ અને પ્રસૂતિમરણ અટકાવવાના અથાગ પ્રયાસો છતાં અને વિશ્વના શક્તિશાળી દેશોમાં સ્થાન સુરક્ષિત કર્યા પછી પણ આપણા માથે ભૂખમરાનું કલંક લાગેલું છે - તે કઠોર હકીકતને શી રીતે નકારી શકાશે?

ગુજરાત અશાંત ધારાની મિલકતો અંગે સમજૂતી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં ગુજરાત અશાંત વિસ્તાર ધારાને મંજૂરી આપેલ તેને રાષ્ટ્રપતિશ્રીએ મંજૂરીની મહોર મારતા ગુજરાતના અશાંત ગણાતા વિસ્તારોમાં મિલકતની તબદીલીથી લઈ ભાડૂઆતના કાયદામાં સુધારો આવશે. તથા મિલકત ધારકને રક્ષણ આપવામાં આવશે. ભાડૂઆતને અશાંત વિસ્તારમાંથી મકાન કે મિલકત ખાલી કરાવનારને ૩ થી ૫ વર્ષની સજા તથા ૧ લાખ થી જંત્રીના કિંમતના ૧૦% બે માંથી જે વધારે હોય તેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે.

રાજયમાં કોઈ વિસ્તારમાં હુલ્લડ અથવા આતંકી ટોળી બનાવી હિંસા ફેલાવવી, ભય ફેલાવવો, મિલકતો લઘુમતી કે બહુમતી વિસ્તારમાં જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડવી કે પ્રજાને આતંક ફેલાવવાની પ્રવૃત્તિ, કોઈ એક વિસ્તારમાં કોઈ એક સમૂદાયની વ્યક્તિઓનું ધ્રુવીકરણ થઈ રહ્યું હોય ત્યાં અશાંત ધારો લાગૂ પાડવામાં આવશે.

અશાંત ધારાની વ્યાખ્યા મુજબ હાલની જોગવાઈમાં અશાંત વિસ્તાર, કોમ્યુનિટી, મિલકતોનો પુનઃવિકાસ, રિહેબીલિટેશન સ્કીમનો સમાવેશ કરવામાં આવતો હતો. પરંતુ હવેથી કોઈપણ મિલકત ઉપરનો રાઈટ અને ઈન્ટરનેટને તેમાં આવરી લેવાઈ છે. બાનાખાત, પાવર ઓફ એટર્ની, કોઈ કરારનું પાર્ટ પરફોર્મન્સ મેળવી લેવું અથવા એવા કોઈ દસ્તાવેજો ઉભા કરવા કે જે રજીસ્ટર હોય કે ન હોય, નોટરાઈઝેશન કરેલા હોય કે ના કરેલા હોય તે તમામ દસ્તાવેજો આ મિલકતની તબદીલીમાં સમાવેશ કરવામાં આવશે.

અગાઉ અશાંત વિસ્તારમાં આવેલી મિલકતોની તબદીલીને મંજૂર કરવા માટે કલેક્ટરે બે બાબતો તપાસવાની રહેતી હતી, (૧) તબદીલી મુક્ત સંમતિથી થઈ છે કે કેમ, (૨) વેચાણકર્તાને વ્યાજબી કિંમત મળી છે કે કેમ!, પરંતુ નવી જોગવાઈ અનુસાર આ બંને મુદ્દાની સાથે કલેક્ટરશ્રીએ એ પણ ચકાસવાનું રહેશે કે તબદીલી માટે ઉપર જે દસ્તાવેજો જણાવેલ છે તે પૈકીના કોઈ એક સમુદાયનું ધ્રુવીકરણ થાય છે કે કેમ! અગર તો થવાની શક્યતા રહેલી છે કે કેમ ! આ તમામ બાબત ચકાસી વેચાણ માન્ય ગણાશે.

કોઈપણ ખરીદનાર કે વેચનારને કલેક્ટરશ્રીનો હુકમ માન્ય ના હોય તો આવા પક્ષકાર રાજ્ય સરકારને અપીલ કરી શકશે. જે કેસોમાં અપીલ દાખલ થયેલ ના હોય તે સમયે સરકાર પોતે અથવા સરકારને અરજી મળેથી જે તે અશાંત વિસ્તારમાં આવેલી મિલકતોની તબદીલીના કરેલા કેસોમાં કરેલ હુકમ રીવીઝનમાં લઈ કરેલ હુકમની કાયદેસરતાની યથાર્થતા ચકાસી શકશે તથા તબદીલીથી અસર પામેલા વ્યક્તિ, પક્ષકારોને સાંભળી યોગ્ય નિકાલ કરશે.

અગાઉના કેસોમાં જ્યારે જમીનની કે મિલકતની તબદીલીને કલેકટર દ્વારા ગેરકાયદેસર હોવાનો નિર્ણય કરાય ત્યારે તે મિલકત મૂળ માલિકને પરત સોંપવામાં આવતી અને મૂળ માલિકે જે અવેજ મેળવેલ હોય તે મિલકત ખરીદનારને પરત સોંપવાનો રહેતો. આ નવી જોગવાઈ અનુસાર ગેરકાયદેસર કરેલી અને આ તમામ મૂળ માલિકને જમીન પરત કરાવી અને આ તમામ બાબત છ માસમાં પૂરી કરવાની રહેશે. તેમજ આવી મિલકતો કલેક્ટરશ્રી યોગ્ય શરતો સાથે નિકાલ કરશે.

રાજ્યના કોઈ ચોક્કસ વિસ્તારને અશાંત વિસ્તાર જાહેર કરવા અંગે લેવાતા નિર્ણય માટે મોનેટરીંગ એન્ડ એડવાઈઝરી કમિટિ ની રચના રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. જેમાં પોલીસ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને જીલ્લા કલેક્ટરશ્રીનો કમિટિના સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવશે. અને ત્રણેયનો અભિપ્રાય મેળવી હુકમ માન્ય ગણાશે. પોલીસ કમિશ્નર સિવાયના વિસ્તારમાં કલેક્ટર, સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ અને રિજિયોનલ મ્યુનિ. કમિશ્નર આ કમિટિના સભ્યો ગણવામાં આવશે.

રાજ્યના કોઈ વિસ્તારને અશાંત ધારા વિસ્તાર તરીકે જાહેર કરતા પહેલા રાજ્ય સરકારને આ કમિટિ અભિપ્રાય આપશે તથા આ એક્ટ નીચે રચનાર મોનેટરીંગ એન્ડ એડવાઈઝરી કમિટિને તેના કાર્યમાં મદદરૂપ થશે.

રાજ્ય સરકારના અશાંત ધારા વિસ્તાર એક્ટના અમલ અને દેખરેખ, સલાહ માટે એક સલાહકાર કમિટિની રચના કરાશે. જે અશાંત વિસ્તારમાં સમયાંતરે લોકોનું યોગ્ય કલસ્ટર જળવાઈ રહે છે કે કેમ! તેની ચકાસણી કરશે. તેમજ આ કાયદાના અસરકારક અમલીકરણ માટે સંમતિ રાજ્ય સરકારને આપશે, અશાંત વિસ્તારમાં મિલકતની ગેરકાયદેસર ખરીદ-વેચાણ ઉપર નિયંત્રણ લાદશે.

નવી જોગવાઈ મુજબ અશાંત ધારાના વિસ્તારમાં કોઈ મિલકતધારક પોતાની મિલકત પુનઃવિકાસ કરવા રીડેવલોપમેન્ટ કરવા ઈચ્છે તો ત્યારે કલેક્ટરશ્રીની પરવાનગી મેળવવાની રહેશે નહી. પરવાનગી સીવાયની તબદીલી બદલ સજા અને દંડની જોગવાઈ અમલમાં આવશે. સરકારની રિહેબિલીટેશન સ્કીમ મુજબ ભળેલી મિલકતો જો અશાંત વિસ્તારમાં આવેલી હોય તો તેને આ કાયદાની જોગવાઈઓમાંથી મુક્તી અપાઈ છે.

આ ઉપરાંત સરકારી રીહેબીલિટેશન સ્કીમમાં આવેલી મિલકતોમાં વિસ્થાપિતોને જ્યારે મિલકતો ફાળવવામાં આવે ત્યારે તેવી મિલકતોને આ ધારામાંથી મુક્તી અપાઈ છે.

અશાંત વિસ્તાર ધારાની જોગવાઈથી કોઈ વ્યક્તિ લઘુમતી કોમની વિસ્તારમાં મિલકતો પડાવી લેશે નહી. તથા દરેક વિસ્તારમાં દરેક કોમ, સમાજ, જ્ઞાતિના વ્યક્તિનું મિલકતનું રક્ષણ થશે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
into@trivediassociates.in

તહેવારોની તાજગી તંદુરસ્તીને સંગ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

નવરાત્રીના નવ- નવ દિવસો સુધી ગરબે ઘૂમ્યા પછી પણ થાકયા વિના ખેલૈયાઓ શરદપૂર્ણમિાની રાત્રીને પણ મનભરીને માણે છે.

પૂર્ણકળાએ ખીલેલા ચંદ્રથી આખીયે સૃષ્ટિ જાણે ઝળહળી ઊઠે છે.

દૂધ–પૌઆની લિજ્જત માણવાની સાથોસાથ ગરબાની રમઝટ તો ખરી જ ! શરદપૂર્ણમિાનું સૌદર્ય વર્ણવીએ તો આ પંકિત ચોકકસ યાદ આવે.

"આ સીમ ભરીને સોનું રે કોઈ સોનું લ્યો !
ઝગમગતું ઝાકળભીનું રે કોઈ સોનું લ્યો !
આ કિરણકણસલે ડોલે રે કોઈ સોનું લ્યો !
પીળચટી હવાને ઝોલે રે કોઈ સોનું લ્યો !"

નવરાત્રીએ માત્ર ગરબા કે નૃત્યનું પર્વ નથી એ પર્વ છે મા આદ્યશકિતની આરાધના અને ઉપાસનાનુ પર્વ ! નવ દિવસ દરમિયાન ઘણા લોકો નકોડા ઉપવાસલ એકટાણાલ વ્રત અને પૂજા - પાઠ શ્રધ્ધાપૂર્વક અને ભાવસભર બની કરે છે. પોત–પોતાના કુળદેવીને નૈવેદ્ય દ્વારા પ્રસન્ન કરવા માટે ઉલ્લાસપૂર્વક ઘરે કે વતનમાં જઈને વિવિધ પ્રસાદ પણ બનાવે છે. માતાજીની આરાધનાનું આ પર્વ ભકિતની દ્રષ્ટિએ તો અગત્યનું ખરું જ પરંતુલ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ આ દિવસો દરમિયાન એકટાણા કરવાને કારણે કે ઉપવાસ કરવાને કારણે શરીર વધુ સ્ફુર્તમિય બને છે. તેમાં વળી રાત્રીના સમયે ગરબા કરવા એ પણ શારીરિક હલનચલનને વધુ વેગમય બનાવે છે. આપણા શાસ્ત્રોમાં લખાયેલી અને વર્ષોથી ચાલી આવતી આ તમામ પરંપરાઓ પાછળનું શારીરિક સ્વાસ્થ્ય સાથેનું અનુસંધાન પણ આપણે આ રીતે તો જોડી જ શકીએ ! શરદ–પૂર્ણમિાની રાત્રે પણ દૂધ - પૌઆ ખાવાનું કારણ નવારાત્રીની સમાપ્તિ બાદ ઋતુચકમાં પરિવર્તન આવવાને કારણે શરીરમાં વધી રહેલી પિત – વૃત્તિનું શમન કરવાનું જ હોય તેમ લાગે છે ! નવરાત્રીની ઊજવણીએ આપણામાં નવચેતના તથા નવીન ઊર્જાનો સંચાર કર્યો હોય તેમ દીસે છે ! કવિ સુરેશ દલાલ લખે છે તેમ,

" અમે વનવનનાં પાન થઈ ફરકી રહયાં,
અમે પંખીનાં ગાન થઈ મરકી રહયાંલ.
અમે દરિયો થઈ આભને પંપાળી રહયાં,
અમે તારલા ઉગાડનાર માળી થયાં !"

નવરાત્રી અને શરદપૂર્ણમિા બાદ તરત જ દિવાળીની શરૂઆતના બ્યુગલ વાગવા લાગે છે સૌ–કોઈ પોતપોતાના ઘર, દુકાન, ઓફિસો વગેરેની સાફ – સફાઈ કરવાના કાર્યમાં હોંશપૂર્વક જોડાઈ જાય છે દિવાળીના તહેવારનું મુખ્ય આકર્ષણ રહે છે સ્વચ્છતા તેમજ સુશોભન ! સૌ–કોઈ પોતપોતાના ઘર તથા કાર્ય કરવાના સ્થળને સ્વચ્છ તેમજ સુશોભિત કરવાની દોડા–દોડીમાં સ્વાસ્થ્ય અંગે બેદરકાર બની જતા હોય તેવું લાગે છે અને તેથી જ શરદઋતુથી દિવાળી દરમિયાન વાયરલ ઈન્ફેકશનનું પ્રમાણ થોડું વધી જાય છે. રાત્રીના સમયે શરૂ થઈ રહેલી શીતળતા અને દિવસે પડતી અસહય ગરમીને કારણે બે ઋતુનો અનુભવ સૌ કોઈ કરે છે, પરિણામે, ઠંડા પાણી–ઠંડા પીણાના સેવનથી throat infaction અને તેના કારણે Viral Fever અને આ વખતે તો વળી કોરોનાનો પણ ભય! તહેવારોનો આનંદ જો પૂર્ણ પણે મેળવવા ઈચ્છતા હોઈએ તો સૌથી અગત્યની બાબત છે સ્વાસ્થ્યની યોગ્ય જાળવણી શરીર તો આપણા હાથમાંનું ઓજાર છે એનો જેવો ઉપયોગ કરવા ધારીએ તેવો થાય. જો શરીરની યોગ્ય કેળવણી અને માવજત કરવામાં આવે તો તે એકધારું કામ આપે છે. ગુણવંત શાહ લખે છે કે, " એક જમાનામાં ચીનના લોકો ગામમાં કોઈ માંદું પડે તો દાકતરને સજા કરતા" સેમ્યુખલ બટલરે એક એવા આદર્શ સમાજની કલ્પના કરેલી કે જેમાં માંદા પડનાર માણસને કેદની સજા થાય!

Last Seen:

"હીરા-માણેક-રત્ન-ખજાના... બધ્ધું છેલ જાલ અંદરગોત !
સૂરજ-ચંદર ને ધ્રુવ તે તારા...બધ્ધું છે... જા, અંદર ગોત !
આપત્તિના પહાડી કિલ્લા કંઈકને આડા આવ્યા છે;
અટકીશ માલ ઘર બુધ્ધિ, સધ્ધર શકિત–સ્ત્રોત પુરંદર ગોત !
ઝાઝાં થોથાં, ઝાઝી બુધ્ધિ, ઝાઝા વાદ–વિવાદે શું?
જડીબુટ્ટી તો આ સામે રહી : સત્ય, શિવને સુંદર ગોત !

- યોગન્દ્ર ભટ્ટ

- nehalgadhavi101@gmail.com

'કલા ગુર્જરી'ના પ્રતિષ્ઠિત કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે...'માં ઓસમાણ મીર અને પદ્મશ્રી ભીખુદાન ગઢવીની જમાવટ : શ્રોતાઓએ ઘરે બેઠાં 'ગાંધી વંદના' માણી

ટહૂકાર
પ્રકાશ લાલા

●●●

વિશ્વ વંદનીય વિભૂતિ પૂ. ગાંધીજીની જન્મજયંતિ - બીજી ઓકટોબર અને એય પૂ. બાપુની ૧૫૧મી જન્મજયંતિના અવસરે, ગાંધીનગરમાં આ વર્ષેય - સતત ચૌદમા વર્ષે યોજાયેલા કલા ગુર્જરી, ગાંધીનગરના 'ગાંધી વંદના' ના પ્રતિષ્ઠિત કાર્યક્રમ, 'જે પીડ પરાઈ જાણે રે...' માં પ્રાર્થના, ભજનોની સૂરગંગામાં શ્રોતાઓને તરબોળ કરી ડોલાવનાર ગુજરાતના શિરમોર ગાયક શ્રી ઓસમાણ મીર હતા... મહામાનવ રાષ્ટ્રપિતાની સુંદર 'વાત્યુ' કરનાર પ્રસિદ્ધ લોક સાહિત્યકાર પદ્મશ્રી મુ. ભીખુદાનભાઈ ગઢવી હતા તથા કુશળ સંચાલિકા સુશ્રી માર્ગીબેન હાથી હતાં તેથી જ 'જે પીડ પરાઈ જાણે રે...' કાર્યક્રમ ગૌરવવંતો ને વિશિષ્ટ બની ગયો.

ધરતીના પાથરણા પર અને આકાશના ચંદરવા હેઠળ, ખુલ્લામાં, ગાંધી આશ્રમમાં બાપુની સવારની પ્રાર્થના સભા યોજાતી એ જ સમયે અહીં આ કાર્યક્રમનું તેર તેર વર્ષથી સફળતાપૂર્વક આયોજન કરવાની કલાગુર્જરીની ઉજ્જવળ પરંપરા રહી છે... આ વર્ષે કોરોનાની મહામારી છતાં સંસ્થાએ એ જ રીતે ખુલ્લામાં, ગાંધીઆશ્રમ - હૃદયકુંજની યાદ અપાવે તેવી મંચ સજ્જા સાથે, બેઠેલા પૂ. બાપુની પ્રતિમાની ઉપસ્થિતિમાં સુપ્રસિદ્ધ કલાકારોના કંઠે ભજનગાન કરાવ્યું... કોવિડ-૧૯ની પરિસ્થિતિના કારણે શ્રોતાઓની ઉપસ્થિતિ ન રખાઈ અને ગાંધીપ્રેમીઓ ઘેર બેઠાં ટી.વી. ચેનલ્સ - પોર્ટલ્સ ઉપર એ માણી શકે એવી ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી... એટલે પરંપરા જાળવવા બદલ કલાગુર્જરી, ગાંધીનગરને અભિનંદન ને વંદન.

એક તરફ બાળ રવિ એનાં કોમળ કિરણો પ્રસારી, અવનિને ધીરે ધીરે અજવાળી રહ્યો હતો ને બીજી તરફ ગીત-સંગીતની સરવાણી વહાવી કલાકારો સાંભલનારા સૌના મન-ચિત્તને શાંતિને પ્રસન્નતા - ભક્તિભાવની અનેરી અનુભૂતિ કરાવી રહ્યા હતા... આ સમગ્ર દૃશ્ય ને વાતાવરણ તો પ્રસ્તુત કાર્યક્રમનું વર્ષોવર્ષ એક જમા પાસું રહ્યું છે...

ભાઈ ઓસમાણ મીરે 'માંડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો...'ની પ્રસ્તુતિ સાથે કાર્યક્રમને ઉઘાડ આપ્યો... મુ. અવિનાશભાઈની આ અમર રચના આમ તો ગુજરાતી ગીતોના પ્રોગ્રામમાં આપણે ઘણીવાર સાંભળતા હોઈએ છીએ, પરંતુ ઓસમાણજી પાસેથી તેમની ગાયિકીના અલગ અંદાજમાં આ રચના માણવાની ઑર મજા પડી... તો એ પછી ગાયેલાં 'ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની... અમે તારા નામની ને અલખના રે ધામની...' તથા 'મારે પૂરવ જનમની પ્રીતિ...' ભજનો, દુહા-છંદ તથા શાસ્ત્રીય ગાનની ઝલક સાથેની પ્રસ્તુતિના લીધે મનભાવન બન્યાં...

મુ. ભીખુદાનભાઈની માર્મિક, ઊંચી વાતો સાંભલવી એક લહાવો છે... ને અહીં તો વાતો ગાંધીજી સંદર્ભેની હતી પછી પૂછવું જ શું ? એમણે 'હરિની હાટડીએ એને કાયમનું હટાણું.... જોયું નહીં મેં તો કોઈ દી' ટાણું કટાણું...' એ પીંગળશીભાઈની સરસ રચનાના ગાન સાથે સત્યમય, પ્રેમમય ને કરુણામય જીવન જીવનાર ગાંધીબાપુની, આવું જીવન જીવનારે છોડવું - આપવું પડતું હોય છે પણ આપવામાં જે મજા છે તે માંગવામાં - લેવામાં નથી અને બૂ. બાપુએ સતત બીજા માટે જીવીને એ મજા લીધી છે તેથી બાપુનું જીવન જ એમનો સંદેશો છે જે આપણે આચરણમાં ઉતારવાનો છે તેની સરળ - સહજ બાનીમાં વાતો કરી... સાથે જ ગાંધીજી ગોળમેજી પરિષદ માટે વિલાયત જતા હતા ત્યારે બંધ કવરમાં ઝવેરચંદ મેઘાણીએ આપેલી કવિતા 'છેલ્લો કટોરો ઝેરનો પી જજો બાપુ, સાગર પીનારા અંજલિ નવ ઢોળશો બાપુ...' સ્ટીમ્બરમાં વાંચી બાપુ બોલી ઊઠેલા કે 'આને કવિ નહીં' 'રાષ્ટ્ર શાયર' કહેવાય...' એ ઘટનાને પણ ભીખુદાનભાઈએ યાદ કરી રાષ્ટ્રપિતાને પ્રંસગોચિત અંજલિ આપી હતી...

બીજા દોરમાં ગાયિકીની મોંઘી મિરાતના માલિક ઓસમાણ મીરે કાગ બાપુ રચિત દેવોના દેવ મહાદેવની સ્તુતિસમું ભજન 'કૈલાસ કે નિવાસી નમું વારંવાર હું, આપો શરણ તિહારી તાર તાર તું...' અને તેની સાથે જ 'જહાં જહાં ડાલ ડાલ પર સોનેકી ચીડિયા કરતી હૈ બસેરા, વો ભારત દેશ હૈ મેરા...' જોડી દઈ એમના બુલંદ અવાજમાં ને નીવડેલા સાજિંદાઓની સંગતમાં 'વંદે માતરમ્..., વંદે માતરમ્...'નો નાદઘોષ કર્યો ત્યારે સમગ્ર વાતાવરણમાં દેશદાઝ - દેશપ્રેમ છલકી ઊઠ્યો હતો... એ પછીની એમની 'આશ્રમ ભજનાવલિ'ની પ્રસ્તુતિ 'હમારે પ્રભુ અવગુણ ચિત્ત ના ધરો... સમદર્શી હૈ નામ તિહારો ચાહે તો પાર કરો...' સાંભળી ગાંધીજનોને ભારે આનંદ થયો...

ખૂબ મોજ - મસ્તીથી ગાતા આ કલાકાર 'ધન્ય ભાગ્ય લેવા આ અવસર પાયો... હર અનંત, હરિ રૂપ અનંતા... કૈસે કોઈ ધ્યાવે.... રાગ રાગિણી મેં નિજ રૂપ દિખાવે...' ની ઝલક પ્રસ્તુત કરી ત્યારે માર્ગી બહેને કહેલા શબ્દો કે 'કચ્છના ખમીર, ગાયકીના હીર ઓસમાણ મીરના ગળામાં કળાયેલ મોર બેઠો છે.' સાચા લાગ્યા...

મુ. ભીખુદાન ભાઈએ સાચા વૈષ્ણવજન ગાંધીજી વિશે ઘણી વાતો કરવી હતી ને ઓસમાણ ભાઈને ય એમના ગીતો - ભજનોના ખજનામાંથી ઘણું લૂંટાવવું હતું પણ સમયની મર્યાદા હતી... કાર્યક્રમ સમાપનમાં તો અચૂક પૂ. બાપુનું પ્રિયતમ નરસિંહ મહેતાનું ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીએ... જે પીડ પરાઈ જાણે... રે' હોય જ પણ અહીં તો ઓસમાણ ભાઈએ એને એના મૂળ પ્રભાતિયાના ઢાળમાં રજૂ કરી ભારે આનંદ કરાવી દીધો...

માર્ગીબેને કરેલી વાતો કે 'ગાંધીજીને ગોડસેની નહીં ગેરસમજની ગોળીએ વીંધ્યા પણ બાપુ વીંધાયા એ પહેલાં ગાંધી વિચારોનું વાવેતર થઈ ચૂક્યું હતું... ને તેથી જ આજે ગાંધીજદી દેશમાં જ નહીં, વિશ્વમાં વંદનીય છે...' માફી માંગવા - ભૂલની કબૂલાત કરવાને માફી આપવા કાળજું જોઈએ. ગાંધીજી એવા 'મરદ' હતા. એમણે અંગ્રેજોને હરાવ્યા નહીં, જીત્યા હતા.. તેથી જ 'મહામાનવ' તરીકે જગતમાં આદર પામ્યા છે...' વગેરે ખૂબ મનનીય વિચારો ગાંધી જયંતિ પ્રસંગોના કાર્યક્રમમાં અતિ પ્રસ્તુત બની રહ્યા... સંસ્કૃત, ગુજરાતી સાહિત્યની રચનાઓને સાંકળી લઈ કાર્યક્રમના સંચાલનને રસપ્રદ બનાવવામાં માર્ગીબેન માહેર છે ને તેથી જ કયારેક કાર્યક્રમમાં એમને જ સાંભળ્યા કરીએ એવું લાગે છે... અભિનંદન માર્ગીબેન.

ઉચ્ચ કક્ષાના કલાકાર ઓસમાણ મીર ને ભીખુદાનભાઈ ગઢવી